ISSN: 2319-202X

# ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણની અસર

**ડૉ. કનુભાઈ દેવશીભાઈ સ્વાગીયા**
અધ્યાપક સહાયક, શ્રીમતી. વી. આર. ભક્ત શિક્ષણ મહાવિદ્યાલય , કામરેજ, સુરત
મો :9773228305, E-Mail. dr.kanuswagia@yahoo.co.in

એકવીસમી સદી એટલે જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીની સદીહોવાથી વર્તમાન સમયમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે. વસ્તી વધારાની સાથે શિક્ષણમાં પણ ધરખમ વધારો થતો રહ્યો છે .ઉચ્ચ શિક્ષણમાં વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી વિવિધ ખાનગી સંસ્થાઓનો ઉદ્ધભવ થવાની શરૂઆત થઇ આમ શિક્ષણ સંસ્થાઓ સમાજની જરૂરિયાતોમાંથી ઉભી થઇ છે. કેળવણીથી જ પ્રગતિ થઇ શકે તેવી પ્રીતીતિ સમાજને થઇ ત્યારે સમાજના આગળ પડતા સુધારકો, કીર્તિની ઈચ્છા ધરાવતા ધનપતિઓ અને પ્રગતિશીલ દેશી રાજવીઓ જેવા સામાજિક માહોલમાંથી શિક્ષણ સંસ્થાઓ ઉભી થઇ. ખાનગીકરણનો ખ્યાલ આવકાર્ય છે. ગાંધીજીની બુનિયાદી વિભાવનામાં પણ આ ખ્યાલ હતો. આ ખાનગીકરણથી જે ધનિક વર્ગમાંથી આવે છે એવા વ્યક્તિઓને તો ફાયદો થાય છે .પણ જે સામાન્ય વર્ગમાંથી જે વિદ્યાર્થીઓ આવે છે એમના માટે કદાચ એટલી ઉપયોગી ન પણ બની શકે. ખાનગીકરણને કારણે આપણને ઘણા બધા લાભો થાય છે પરંતુ એની નકારાત્મક અસરો પણ રહેલી છે. આમ ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણને મિશ્ર પ્રતિસાદ સાંપડે છે. એકવીસમી સદી એટલે જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી. આ સમયમાં શિક્ષણની અગત્યતા અને આવશ્યકતા વધે એ સહજ બાબત છે. આજે તો આંતરરાષ્ટ્રીય માનવા અધિકાર કાયદાએ યુનિવર્સલ ડિક્લેરેશન ઓફ હ્યુમન રાઇટ્સ ૧૯૪૮ અને વિવિધ દેશોના બંધારણોએ શિક્ષણના અધિકારને માનવ અધિકાર તરીકે સ્વીકાર્યો છે.આ શિક્ષણના અધિકાર અંતર્ગત વિવિધ પાસાઓ જેવા કે સાર્વત્રિક, ભેદભાવ વિહીન, સુલભ્ય, અને ગુણવતા સભર શિક્ષણ મેળવવાનો દરેક વ્યક્તિને અધિકાર છે.

ટુંકમાં જોઇએતો વ્યક્તિની ઉચ્ચ શિક્ષણની વધતી જતી જરૂરિયાત તેમજ ગુણવતાસભર અને મૂલ્યલક્ષી શિક્ષણને પહોચી વળવા માટે ખાનગી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી.આ ઉપરાંત બાથ જ વ્યક્તિઓની શિક્ષણની માંગને સરકાર પહોચી ન સકતા તેમજ ઔધોગિકીકરણ અને કોમર્શીયલ એકમોની ઝડપી ગતિશીલતા માટે ફાળવવાના નાણા કે આર્થિક જવાબદારી સરકાર વાહન ન કરી સકે આથી આજે ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણનો ખ્યાલ ઉભો થયો છે.

**શિક્ષણમાં ખાનગીકરણ :**

શિક્ષણને લગતી બાબતો માટેના નિર્ણયો અને નાણાકીય જવાબદારી જે તે સંસ્થાની હોય તેને ખાનગીકરણ કહે છે.

" જે શિક્ષણમાં પૂર્ણતયા આર્થિક અથવા નાણાકીય સ્વાયત્તતા હોય અને જેમાં સંચાલકો પોતે જ પાઠ્યક્રમ, વિષયો , અન્ય શૈક્ષણિક કે શ અભ્યાશિક પ્રવૃત્તિઓ શિક્ષણ માટેની તમામ વ્યૂહરચના અને મૂલ્યાંકનની બાબતમાં સ્વાયત હોય એને શિક્ષણમાં ખાનગીકરણ કહે છે. " – ગુપ્તા (૧૯૯૯)

**ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણના હેતુઓ :**

કોઈપણ કાર્ય હેતુઓ વિના શક્ય નથી. ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણ પણ કેટલાક હેતુઓને લઈ થયું છે :

ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થીઓના ઘસારાને પહોચી વળવા માટે ખાનગીકરણ આવશ્યક વિદ્યાર્થીઓને ઘર આંગણે ઉચ્ચ શિક્ષણનો લાભ મળી રહે તે માટે બધા જ વિદ્યાર્થીઓને ભણવા માટેની સમાન તક પ્રાપ્ત થાય ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય તેવા હેતુસર ભૌતિક સુવિધાઓ સાથે ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવા હેતુસર

**ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણ સામેના પડકારો :**

આજે શિક્ષણમાં ખાનગીકરણને પરિણામે એક સાથે ઘણીબધી સંસ્થાઓ ઉભી થઈ છે. એટલે સ્વાભાવિક રીતે ખાનગી સંસ્થાઓ વચ્ચે હરીફાઈ થાય અને તાકી રહેવા માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ,અભ્યાસક્રમ,ભૌતિક સુવિધાઓ આધુનિક સુવિધાઓ પૂરી પાડવી પડશે જેથી ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણ સામે ઘણા બધા પડકારો ઉભા થશે :

૧ શિક્ષણ આપનાર અધ્યાપકોએ પોતાની વ્યવસાયિક સજ્જતામાં વધારો કરવો પડશે

૨ અધ્યાપકોએ ઉચ્ચ શિક્ષણમાં આવતા નવા પરિવર્તનોથી માહિતગાર થવું પડશે

૩ અધ્યાપકોએ એમના વિષયને લગતા પુસ્તકોનું અને સામયિકોનું વાચન વધારવું પડશે

૪ સમાજપયોગી બને તેવા પ્રકારનો આધુનિક અભ્યાસક્રમ બનાવવો પડશે

૫ ખાનગી સંસ્થાઓએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં ભૌતિક સુવિધાઓ પૂરી પાડવી પડશે

૬ ખાનગી સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ગ્રંથાલય, પ્રયોગશાળા અને ટેકનોલોજીના સાધનોથી સંસ્થાએ સજ્જ થવું પડશે

૭ ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણને પરિણામે અધ્યાપકો અને વિદ્યાર્થીઓનુ આર્થિક શોષણ થવાની સંભાવના વધી જાય છે ત્યારે ખાનગીકરણ સામે અનેક પ્રશ્નો સર્જાવાની સંભાવનાઓ વધી જાય છે તે ખાનગીકરણ સામેનો મોટો પડકાર ગણાશે

૮ મોટાભાગની સ્વનિર્ભર સંસ્થાઓ નફાના હેતુઓને ધ્યાનમાં રાખીને ખોલવામાં આવે છે પરંતુ જો વિદ્યાર્થી ના મળે તો સ્વનિર્ભર સંસ્થાના અસ્તિત્વ સામે ખતરો ઉભો થશે.

**ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણથી થતા લાભો :**

૧. આર્થિક બાબતોમાં સંચાલકોની પુરતી સ્વતંત્રતા હોવાને કારણે વિદ્યાર્થીઓને પાયાની સુવિધાઓ વધુ પ્રમાણમાં પૂરી પાડશે જેનો લાભ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે.

૨. ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકશે.

ISSN: 2319-202X

૩. વસ્તી વિસ્ફોટને પરિણામે કોલેજોમાં પ્રવેશ ન મેળવી સકતા વિદ્યાર્થીઓની સંખ્યાને પહોચી વળવા માટે ખાનગી સંસ્થાઓ ઉપયોગી બનશે.
૪. વ્યવસાયિકીકરણના આ યુગમાં કૌશલ્યોના વિકાસ માટે ખાનગીકરણની જરૂર છે.
૫. શિક્ષણની રાષ્ટ્રીય નીતિ (૧૯૮૬) અને તેની સુધારેલી નીતિ (૧૯૯૨) એ પણ

**ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણની તરફેણ કરી છે તે માટે નીચેના કારણો ગણાવ્યા છે :**

- ઔધોગિકરણની સ્થાપના માટે
- લેબૉરેટરી,લાયબ્રેરી અન્ય સવલત માટે
- સમાજની ભાગીદારી અને ખાસ પ્રોજેક્ટ પાર પાડવા માટે
- ઇન્ફ્રાસ્ટ્રકચરની માંગને પહોચવા માટે

**ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણની મર્યાદાઓ :**

ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણની મર્યાદાઓ આ મુજબ છે :

- ઉચ્ચ શિક્ષણમાં ખાનગીકરણના પરિણામે સંસ્થાઓની નફાખોરીમાં વધારો થશે
- વિદ્યાર્થીઓ પાસેથી ઉંચી ડોનેશન ફી,પ્રવેશ ફી, લઈને તેનું આર્થિક શોષણ થશે.
- અધ્યાપક, આચાર્ય અને અન્ય કર્મચારીઓનું આર્થિક શોષણ થશે.
- આર્થિક દ્રષ્ટીએ નબળા વિદ્યાર્થીઓ માટે અભ્યાસની તક મળશે નહિ.
- અધ્યાપક, આચાર્ય અને અન્ય કર્મચારીઓની નોકરીની અસલામતી એ ખાનગી સંસ્થાઓની ભયજનક અસર ગણી શકાય.
- શિક્ષિત બેરોજગારીમાં વધારો થશે.
- શિક્ષણના પાયાના મૂલ્યોનો હ્રાસ થશે.

**સમાપન :**

ટુંકમાં ઉચ્ચ શિક્ષણનાં ખાનગીકરણથી વિદ્યાર્થીઓની ભણવાની સગવડતામાં વધારો થયેલો જોવા મળે છે. ખાનગી સંસ્થાઓની ફી રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર નક્કી કરે છે તેમ છતાં તેના પર કોઈ સીધું નિયંત્રણ કે દેખરેખ રાખી શકાય તેવું વહીવટી તંત્ર ગોઠવાયું નથી. ખાનગી સંસ્થાઓની દર વર્ષે ચકાસણી થાય એવા પ્રયાસ અને તેમાં જરૂરી સુધારા વધારા કરી ગુણવત્તા સભર અને સમાજ ઉપયોગી એવા વ્યક્તિઓ તૈયાર કરી શકાય.

**સંદર્ભ સૂચિ :**

જાની,બળવંત (૨૦૦૭) ઉચ્ચ શિક્ષણ : પ્રવાહો અને પ્રશ્નો,રાજકોટ : પ્રવીણ પ્રકાશન પ્રા.લિ.

શુકલ,રોહિત (૨૦૦૮) અભીદ્રષ્ટિ, અમદાવાદ : દ્રષ્ટિ ફાઉન્ડેશન.

પરમાર,જી. એસ. (૨૦૦૬) શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશીલા, અમદાવાદ : અક્ષર પબ્લીકેશન.

રાજ,પી.જે. અને અન્ય (૨૦૦૯) ભારતમાં શિક્ષણ પ્રણાલીનો વિકાસ, અમદાવાદ : વારીષેણ પ્રકાશન.